**દિ.તામીલ નં. ૩૦ /૨૦૧૬.**

**::આંક–૦૧, લગત હુકમ ::**

(૧) સદર કામે દરખાસ્તદારે તા.૨૭/૬/૧૬ ના આ રોજ દાખલ કરેલ છે. આ કામે સામાવાળા ને નોટીસ કરતા આ કામ ના સામાવાળા નં. ૧ અરજી માં જણાવેલ સરનામે રહેતા નહી હોવા ના શેરા સાથે પરત તા. ૨૧/૧૨/૧૬ ના રોજ નો આવેલ છે.

(૨) ત્યાર બાદ વારંવાર તારીખો આપવા છતા પણ દરખાસ્તદાર હાજર રહેલા નથી કે સામાવાળા નં. ૧ નુ નવુ સરનામુ રજુ કરેલ નથી કે રજુ કરવા માટે કોઈ અરજી આપવા ની પણ દરકાર લીધેલ નથી.

(૩) આ કેસ નુ રેકર્ડ જોતા આ કામ ના દરખાસ્તદાર દરખાસ્ત દાખલ કર્યા બાદ કોઈ વખત કોર્ટમાં હાજર રહેલા નથી. દરખાસ્તદાર ને પુરતો સમય આપવા છતા દરખાસ્ત ની કાર્યવાહી આગળ ચલાવેલ નથી . જેથી કોડ ઓફ સિવિલ પ્રોસિજર–૧૯૦૮ ના ઓર્ડર–૨૧, રૂલ–૧૦૫(૨) ની જોગવાઈ ધ્યાને લેતાં આજરોજ દરખાસ્તદાર લગત આગળની કાર્યવાહી માટે નિયુકત કરેલ હોવાછતાં દરખાસ્તની આગળની કાર્યવાહી કરવામાં આવેલ ન હોવાથી સદરહું દરખાસ્તની કાર્યવાહી આગળ ચાલી શકે તેમ ન હોય, અને દરખાસ્ત ને આગળની કાર્યવાહી માટે વધુ મુદૃતની તક આપવા માટે કાયદેસરનું કારણ જણાય આવતું ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::હુકમ::**

દરખાસ્ત કોડ ઓફ સિવિલ પ્રોસિજર–૧૯૦૮ ના ઓર્ડર–૨૧, રૂલ–૧૦૫(૨) ની જોગવાઈ ધ્યાને લઈ દરખાસ્ત દરખાસ્તદાર ની ગેરહાજરી તેમજ સામાવાળા ને બજવણી માટે પ્રો.ફી રજુ નહી કરી ને આગળની કાર્યવાહી ન કરવાને કારણે સદરહું દરખાસ્ત ડીસમીસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૬/૨/૨૦૧૭ ના ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

**(અંકુરકુમાર રાકેશચંદ્ર સોની)**
**(જીજે–૦૧૨૫૬)**
પ્રિન્સીપલ સીવીલ જજ,
ભાભર.